
# પેજ3

## રજનીકાંતને સ્ટેન્ટ મૂકવામાં આવી

73 વર્ષીય રજનીકાંતને હૃદયમાંથી નીકળતી મુખ્ય રક્તવાહિની (મહાધમની)માં સોજો હતો, જેની સારવાર બિન-સર્જિકલ, ટ્રાન્સકેથેટર પદ્ધતિથી કરવામાં આવી



ચેન્નાઇ, તા. 1 (પીટીઆઇ) : સુપરસ્ટાર રજનીકાંત પર મંગળવારે તેમના હૃદયની મુખ્ય રક્તવાહિનીમાં સમસ્યા માટે બિન-સર્જિકલ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી અને સોજો દૂર કરવા માટે સ્ટેન્ટ મૂકવામાં આવ્યો હતો. એમ તેમની સારવાર કરતી હોસ્પિટલે જણાવ્યું હતું. દરમિયાન તેમના જલદી સાજા થવાની શુભેચ્છાઓ આપવામાં આવી રહી છે અને પ્રાર્થનાઓ કરવામાં આવી રહી છે. એપોલો હોસ્પિટલના મેડિકલ બુલેટિનમાં જણાવવામાં આવ્યું હતું કે, તેમની હાલત સ્થિર છે, સારું અનુભવી રહ્યા છે અને બે દિવસમાં ઘરે આવી જશે. હોસ્પિટલે મેડિકલ બુલેટિનમાં જણાવ્યું હતું કે, 73 વર્ષીય રજનીકાંતને 30 સપ્ટેમ્બરે અહીંની એપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને હૃદયમાંથી નીકળતી મુખ્ય રક્તવાહિની (મહાધમની)માં સોજો હતો, જેની સારવાર બિન-સર્જિકલ, ટ્રાન્સકેથેટર પદ્ધતિથી કરવામાં આવી હતી. બુલેટિનમાં એપોલો હોસ્પિટલ, ચેન્નાઇના મેડિકલ સર્વિસિસ, ડિરેક્ટર ડો. આર કે વેંકટસલમે જણાવ્યું હતું કે, ''વરિષ્ઠ ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ ડો. સાઇ સતીષે એરોર્ટામાં સ્ટેન્ટ મૂક્યો હતો, જે સોજોને સંપૂર્ણપણે બંધ કરી દે છે (એન્ડોવાસ્ક્યુલર રિપેર).'' વેંકટસલમે વધુમાં કહ્યું હતું કે, ''અમે તેમના શુભચિંતકો અને ચાહકોને જણાવવા માંગીએ છીએ કે, પ્રક્રિયા યોજના મુજબ થઈ હતી. રજનીકાંતની હાલત સ્થિર છે અને ઘણું સારું અનુભવ કરી રહ્યા છે. તેઓ બે દિવસમાં ઘરે હશે.'' અગાઉના દિવસે

## શત્રુઘ્ન સિંહા, ડેવિડ ધવન અને અન્ય લોકોએ હોસ્પિટલમાં ગોવિંદાની મુલાકાત લીધી



મુંબઈ, તા. 1: અભિનેતા અને શિવસેનાના નેતા ગોવિંદાને મંગળવારે પોતાની લાયસન્સવાળી રિવોલ્વર વડે આકસ્મિક રીતે પગમાં ગોળી માર્યા બાદ તેને મુંબઈની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ક્રિટીકેર હોસ્પિટલમાં અભિનેતાને મળવા માટે ડેવિડ ધવન, શત્રુઘ્ન સિંહા અને જેકી ભગનાની સહિત ઘણી હસ્તીઓ પહોંચી હતી.
પીઢ અભિનેતા અને રાજકારણી શત્રુઘ્ન સિંહાએ ક્રિટીકેર હોસ્પિટલમાં ગોવિંદાની મુલાકાત લીધી હતી. નિર્દેશક ડેવિડ ધવન પણ અભિનેતાને મળવા આવ્યા હતા.
અભિનેતા અને નિર્માતા જેકી ભગનાની પણ ગોવિંદાને મળવા આવ્યા હતા. દિગ્દર્શક અને અભિનેતાએ 1989થી 2009 સુધી 18 ફિલ્મોમાં સાથે કામ કર્યું છે. 'ડુ નોટ ડિસ્ટર્બ' તેમની છેલ્લી ફિલ્મ હતી. ગોવિંદાને મળવા પહોંચેલો કોમેડિયન સુદેશ લહેરી હોસ્પિટલની બહાર જોવા મળ્યો હતો.

## દીપિકા પાદુકોણની કંપની ખોટમાં, વિરાટ-અનુષ્કાની નાવ પણ ડગમગી, આલિયા-રિતિક પર નોટોનો વરસાદ

મુંબઈ, તા. 1: ઘણીવાર આપણે વિચારીએ છીએ કે બોલિવૂડ સેલિબ્રિટી માત્ર ફિલ્મોમાં અભિનય કરીને પૈસા કમાય છે, પરંતુ વાસ્તવમાં એવું નથી. જાહેરાતની સાથેસાથે ઘણા મોટા સુપરસ્ટાર પણ પોતાનો સાઇડ બિઝનેસ ચલાવે છે અને અહીંથી કરોડો રૂપિયા કમાય છે. કેટલાક પ્રોડક્શન હાઉસ ચલાવે છે અને કેટલાક કોસ્મેટિક અથવા કપડાંની કંપની પણ ધરાવે છે, પરંતુ આનાથી સેલિબ્રિટી કેટલો નફો કરે છે તે તાજેતરના એક રિપોર્ટમાં સામે આવ્યું છે. આમાં દીપિકા પાદુકોણથી લઈને રિતિક રોશન, અનુષ્કા શર્મા, આલિયા ભટ્ટ અને શાહિદ કપૂરના બિઝનેસ ગ્રોથની વાત કરવામાં આવી છે, તો ચાલો આપણે જાણીએ કે કયા સ્ટાર્સ સાઇડ બિઝનેસથી કરોડોની કમાણી કરી રહ્યા છે અને કોને નુકસાન થઈ રહ્યું છે. તાજેતરમાં સ્ટોરીબોર્ડ 18એ સેલેબની આગેવાની હેઠળની બ્રાન્ડ્સનું વિશ્લેષણ કર્યું છે. જેમાં અનુષ્કા શર્માથી લઈને દીપિકા પાદુકોણ સુધીની અનેક સેલિબ્રિટીઝની કંપનીઓ અને બિઝનેસ સામેલ છે. જ્યાં ઘણી સેલિબ્રિટીઝ નફો કરી રહી છે તો કેટલીક સેલિબ્રિટીઓ એવી છે જેઓ નુકસાનનો સામનો પણ કરી રહ્યા છે.આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, દીપિકા પાદુકોણે થોડા સમય પહેલા તેની સ્કિન કેર બ્રાન્ડ 82ઈ લોન્ચ કરી હતી. છેલ્લા 9 મહિનામાં આ કંપનીને 25.01 કરોડ રૂપિયાનું નુકસાન થયું છે, જ્યારે વિરાટ કોહલીની કપડાંની કંપની ડબ્લ્યુઆરઓજીએનમાં પણ 29%નો ઘટાડો જોવા મળ્યો છે. આ સિવાય શાહિદ કપૂરની સ્કલ્ટ, અનુષ્કા શર્માની નુશ અને સોનમ કપૂરની રેસનમાં પણ રિટર્ન અને માર્કેટના દેખાવમાં ઘટાડો જોવા મળ્યો છે.આલિયા ભટ્ટની કપડાંની કંપની એડ-એ-મમ્માની આવકમાં ચારગણો ઉછાળો જોવા મળ્યો છે. આ કંપનીએ હવે રિલાયન્સ રિટેલ સાથે જોડાણ કર્યું છે. રિતિક રોશનની કપડાંની કંપની એચઆરએક્સને 5 ગણો વધુ નફો થયો છે. તેણે આવકમાં રૂ. 1000 કરોડનો આંકડો પાર કર્યો છે.

## ગોવિંદા માટે મહાકાલ મંદિરમાં મહામૃત્યુંજય જાપ



ઉજ્જૈન, તા. 01: બોલિવૂડ એક્ટર ગોવિંદાને મંગળવારે સવારે પગમાં ગોળી વાગી હતી. આ ઘટના બની ત્યારે તે કોલકાતા જવાની તૈયારી કરી રહ્યો હતો. આ પછી પુત્રી ટીના આહુજાએ તેના જલદી સ્થસ્થ થવા માટે ઉજ્જૈન મહાકાલ મંદિરમાં મહામૃત્યુંજય જાપ કરાવ્યા હતા. 51 પંડિતોએ વિશેષ પૂજા કરી હતી. મહાકાલ મંદિરના પૂજારી રમણ ગુરુ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, ગોવિંદાની પુત્રી ટીના આહુજાએ ફોન પર વાત કરી હતી. તેઓ તેમના પિતા ઘાયલ થવાથી ચિંતિત છે. તેણે બાબા મહાકાલની પ્રાર્થના કરવાનું કહ્યું. અભિનેતા ઝડપથી સ્વસ્થ થઈ જાય એ માટે પંડિતો દ્વારા મંદિર પરિસરમાં સતત 2 કલાક સુધી મહામૃત્યુંજય જાપ કરવામાં આવ્યા હતા.

# અમેરિકાના હેલન વાવાઝોડાથી સર્જાયેલા કરુણ સંજોગોની કહાણીઓ બહાર આવી રહી છે







**એક** વયોવૃદ્ધ દંપતિ તેમના ઘરના છાપરા પરથી દોહિત્ર સાથે તણાઇ ગયું

**એક** શિક્ષીકા તેના ફોલ્ડીંગ ઘર સાથે તણાઇ ગઇ, જો કે ઇજાગ્રસ્ત હાલતમાં જીવતી મળી આવી

એશવિલે(અમેરિકા), તા. ૧: અમેરિકાના ખાસ કરીને દક્ષિણ પૂર્વ ભાગોમાં હેલન વાવાઝોડાએ ભારે તબાહી મચાવી છે અને મૃત્યુઆંક હજી પણ વધી રહ્યો છે ત્યારે આ વાવાઝોડાથી સર્જાયેલી કેટલીક અંગત કરૂણાંતિકાઓની વ્યથિત કરનારી વાતો બહાર આવી રહી છે.

નોર્થ કેરોલીનાના એશવિલેમાં એક વયોવૃદ્ધ દંપતિ તેમના સાત વર્ષના દોહિત્ર સાથે ડૂબી ગયું હોવાની માહિતી બહાર આવી છે. સિત્તેરની આસપાસની વયના શ્રી અને શ્રીમતી ડાયર અને તેમની પુત્રી મેગન અને દોહિત મિકાહ તેમનું ઘર પૂરના પાણીથી ઘેરાવા માંડતા ઘરના છાપરા પર ચડી ગયા હતા. તેઓ કેટલોક સમય છાપરા પર જ રહ્યા હતા પણ પૂરના ધસમસતા પાણીના પ્રવાહ સામે આ છાપરું ટકી શક્યું નહીં અને પાણીમાં ખેંચાઇ ગયું તે સાથે જ વયોવૃદ્ધ નાના-નાની અને તેમનો દોહિત્ર મિકાહ પાણીમાં ડૂબી ગયા. મિકાહની માતા મેગનના માર્ગમાં કંઇક અવરોધ આવી ગયો અને તેના આધારે તે બચી ગઇ. નોર્થ કેરોલીનાના જ એલ્ક પાર્કમાં એક મિડલ સ્કૂલ શિક્ષિકા તેના ફોલ્ડીંગ હોલીડે હોમ સાથે પાણીમાં તણાઇ ગઇ હતી. તે આ ઘરમાં તેની કંઇક વસ્તુઓ લેવા ગઇ હતી અને તે જ વખતે પૂરનું પાણી ધસી આવ્યું હતું. કિમ એશબે નામની આ શિક્ષિકા જો કે ઈજાગ્રસ્ત હાલતમાં અન્ય સ્થળેથી પાણી ઓસર્યા બાદ મળી આવી હતી. તેની સારવાર ચાલુ છે. આવી તો અનેક વાતો બહાર આવી રહી છે.





## બેંગકોકની બહાર સ્કુલ બસમાં આગ લાગતા 20થી વધુનાં મૃત્યુની આશંકા

**આ** બસ શાળાની પિકનીક માટે જઈ રહી હતી તેમાં 44 મુસાફરો હતાં

બેંગકોક, તા. 1 (એપી): બેંગકોકના ઉપનગરમાં મંગળવારે વિદ્યાર્થીઓને તેમના શિક્ષકો સાથે લઈ જતી બસમાં આગ લાગી હતી, જેમાં સવાર મુસાફરો પૈકી 20થી વધુનાં મૃત્યુ થયા હોવાની આશંકા છે, એમ અધિકારીઓ અને બચાવકર્તાઓએ જણાવ્યું હતું.

આ બસ મધ્ય ઉથાઈ થાની પ્રાંતમાંથી અયુથયા અને નોન્થાબુરી પ્રાંતમાં શાળાની પિકનીક માટે જઈ રહી હતી તેમાં 44 મુસાફરો હતાં, એમ પરિવહન મંત્રી સુરિયા જુંગરુંગરુંગકીટે ઘટનાસ્થળ પર પત્રકારોને જણાવ્યું હતું. સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવેલા વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે રસ્તાની બાજુમાં ઉભી આખી બસ આગની લપેટમાં આવી ગઈ હતી જ્યારે કાળા ધુમાડાના ગોટેગોટા આકાશમાં જઈ રહ્યા હતા. આગના કલાકો પછી પણ મૃતદેહો બસની અંદર જ હતા.

બસમાં સવાર વિદ્યાર્થીઓ પ્રાથમિક અને જુનિયર હાઈસ્કૂલના હોવાનું જાણવા મળ્યું હતું. ગૃહ મંત્રી અનુતિન ચર્નવિરાકુલે જણાવ્યું હતું કે અધિકારીઓ હજુ સુધી મૃત્યુની સંખ્યાની પુષ્ટિ કરી શક્યા નથી કારણ કે તેઓએ ઘટનાસ્થળની તપાસ પૂર્ણ કરી નથી. તેણે જણાવ્યું હતું કે ડ્રાઈવર બચી ગયો હતો પરંતુ ભાગી ગયો હોવાનું જણાયું હતું.

## ચીનમાં સુપરમાર્કેટમાં એક વ્યક્તિએ ચાકુ વડે કરેલા હુમલામાં ત્રણનાં મોત

બેઈજિંગ/શાંઘાઈ, તા. 1 (પીટીઆઈ): ચીનના સૌથી મોટા શહેર શાંઘાઈમાં એક સુપરમાર્કેટમાં એક વ્યક્તિએ ચાકુ વડે આડેધડ હુમલો કરી ત્રણ લોકોની હત્યા કરી નાખી હતી અને 15ને ઘાયલ કર્યા હતા. દેશમાં સામૂહિક છરાબાજીની તાજેતરની ઘટનામાં પોલીસે મંગળવારે જણાવ્યું હતું.

આ ઘટના સોમવારે શાંઘાઈમાં ચીનના 75મા રાષ્ટ્રીય દિવસની પૂર્વ સંધ્યાએ બની હતી, જે મંગળવારે ઉજવવામાં આવી રહી છે.

રાજ્ય સંચાલિત ઝિન્હુઆ ન્યૂઝ એજન્સીએ મંગળવારે પોલીસના નિવેદનને ટાંકીને અહેવાલ આપ્યો હતો કે, પોલીસને સોમવારે રાત્રે 9.47 વાગ્યે (સ્થાનિક સમયાનુસાર) ઘટનાની જાણ થતાં તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

લોકો પર ચાકુ વડે આડેધડ હુમલો કરનાર લિન નામના 37 વર્ષીય વ્યક્તિને પોલીસે ઘટનાસ્થળ પરથી પકડી લીધો હતો.

સોશિયલ મીડિયા પર સુપરમાર્કેટમાં છરી સાથે વ્યક્તિની તસવીરો ફરતી થઈ હતી. ઝિન્હુઆના અહેવાલમાં જણાવાયું છે કે, અઢાર પીડિતોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા.

તેમાંથી, ત્રણ બચાવના પ્રયત્નો છતાં મૃત્યુ પામ્યા હતા. અન્ય લોકોની ઈજા જીવલેણ ન હતી. આ અંગે તપાસ ચાલી રહી છે.

શાંઘાઈ પોલીસના નિવેદન મુજબ, લિન અંગત નાણાકીય વિવાદોથી પ્રેરિત હતો અને પોતાનો ગુસ્સો કાઢવા માટે શાંઘાઈ ગયો હતો.

પોલીસ દ્વારા લિનનું મૂળ સ્થાન જાહેર કરવામાં આવ્યું નથી.

## છત્તીસગઢના એક ગામમાં રાતોરાત ખુલી ગઇ સાવ નકલી એસબીઆઇ બેંક, બેરોજગારોને નોકરી પણ આપી

રાયપુર, તા. 1: તમે ફિલ્મ 'સ્પેશિયલ 26'માં સુપરસ્ટાર અક્ષય કુમારને નકલી સીબીઆઈ ટીમ બનાવીને લૂંટતા જોયો હશે. આવું જ કંઈ થયું છે છત્તીસગઢમાં. રિયલ લાઈફ અને રીલ લાઈફમાં ફરક એ છે કે અહીં બદમાશોની ટીમે એક સંપૂર્ણ નકલી બેંક જ ખોલી દીધી અને તે પણ દેશની સૌથી મોટી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની. અહીં, કોઈ મૂવીની જેમ, ગુનેગારોએ છેતરપિંડીની વાર્તા તૈયાર કરી, પાત્રો અને સ્થળ પસંદ કર્યાં અને એસબીઆઈ શાખા ખોલી. એટલું જ નહીં, આ ગુનેગારોએ તેમની શાખાઓમાં નકલી નિમણૂકો પણ આપી અને તેમને તાલીમ પણ આપવાનું શરૂ કર્યું. જોકે, તેઓ તેમની યોજનાને અંજામ આપે તે પહેલાં તેમના કાવતરાનો પર્દાફાશ થયો હતો.

છપોરા એ છત્તીસગઢની રાજધાની રાયપુરથી લગભગ 250 કિલોમીટર દૂર, શક્તિ જિલ્લાનું એક ગામ છે. આ ગામમાં 10 દિવસ પહેલા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એટલે કે એસબીઆઈની નવી શાખા ખોલવામાં આવતાં ગ્રામજનોમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ હતી. ગ્રામજનો પણ બેંકમાં ખાતા ખોલવા અને વ્યવહારો કરવાની પ્રક્રિયા વિશે પૂછપરછ કરવા આવવા લાગ્યા. આ દરમિયાન લોકો નોકરીની શોધમાં પણ અહીં આવ્યા. કોઈને કોઈ શંકા ન હતી. કારણ કે, બેંકનું ફર્નિચર, દસ્તાવેજો અને કાર્યશૈલી બિલકુલ પ્રોફેશનલ બેંકો જેવી હતી. આ બેંકમાં છ લોકોને નોકરી પણ મળી છે. બધું બરાબર ચાલી રહ્યું હતું, પરંતુ 27મી સપ્ટેમ્બરે થયેલી પૂછપરછથી નોકરી શોધનારાઓને આંચકો લાગ્યો. કારણ કે, પોલીસની સાથે એસબીઆઈના ઉચ્ચ અધિકારીઓ પણ પૂછપરછ માટે આવ્યા હતા. દરમિયાન બેંકના નકલી મેનેજર એટલે કે માસ્ટર માઈન્ડ અને અધિકારીઓ અને કર્મચારીઓ તમામ ફરાર થઈ ગયા હતા અને નકલી નોકરી મેળવનાર લોકોને પાછળ છોડીને તેમની સાથે લાખોની છેતરપિંડી કરી હતી.

## સાત વર્ષની તપાસ બાદ સીબીઆઈએ એનડીટીવી પ્રમોટર્સ છેતરપિંડી કેસમાં ક્લોઝર રિપોર્ટ દાખલ કર્યો

**સીબીઆઈને** કાયદાકીય રીતે ટકી શકે તેવા પુરાવા મળ્યા ન હતા

નવી દિલ્હી, તા. 1 (પીટીઆઈ): સીબીઆઈએ મંગળવારે એનડીટીવીના પ્રમોટર્સ અને ડિરેક્ટર્સ પ્રણય રોય અને રાધિકા રોય સામેના કથિત છેતરપિંડીના કેસમાં એક ક્લોઝર રિપોર્ટ દાખલ કરી હતી કારણ કે તેને 2009માં એક ઋણની પતાવટમાં આઈસીઆઈસીઆઈ બેન્કને થયેલા રૂ. 48 કરોડના નુકસાનમાં તેને કાયદાકીય રીતે ટકી શકે તેવા પુરાવા મળ્યા ન હતા, એમ અધિકારીએ કહ્યું હતું. આ કેસ 2017માં શરૂ કરાયો હતો જ્યારે સીબીઆઈએ ક્વાન્ટમ સિક્યુરીટીસ લિ.ના સંજય દત્તની ફરિયાદ પર એફઆઈઆર દાખલ કરી હતી. સંજય દત્તે આરોપ લગાવ્યો હતો કે રોય સાથે જોડાયેલી આરઆરપીઆર હોલ્ડિંગ્સ પ્રા. લિ.એ પબ્લિક ઓપન ઓફર મારફતે એનડીટીવીમાં 20 ટકા હિસ્સો ખરીદવા ઈન્ડિયા બુલ્સ પ્રા. લિ. પાસેથી રૂ. 500 કરોડનું ઋણ લીધું હતું.

એફઆઈઆર મુજબ આરઆરપીઆર હોલ્ડિંગ્સે સાથે જ ઈન્ડિયા બુલ્સને ઋણ ચુકવવા આઈસીઆઈસીઆઈ બેંક પાસેથી 19 ટકા વાર્ષિક વ્યાસ પર રૂ. 375 કરોડનું ઋણ લીધું હતું જેમાંથી રૂ. 350 કરોડ વિતરીત કરાયા હતા.

ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે રોયે આ લોન માટે કોલેટરલ તરીકે તેમનું સમગ્ર શેરહોલ્ડિંગ ગીરવે મૂક્યું હતું, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી), સ્ટોક એક્સચેન્જો અથવા માહિતી અને પ્રસારણ મંત્રાલયને આ ગીરવે મૂક્યાની જાણ કરવામાં આવી ન હતી.

# મધ્ય, દક્ષિણ દ્વિપકલ્પ, ઉત્તરપૂર્વી ભારતમાં ઓક્ટોબરથી ડિસેમ્બર સુધી સામાન્ય કરતાં વધુ વરસાદની આગાહી

**ઓક્ટોબરમાં** દેશના મોટાભાગના ભાગોમાં સામાન્ય કરતાં વધુ તાપમાન રહેવાની શક્યતા

નવી દિલ્હી, તા. 1 (પીટીઆઈ): ઓક્ટોબરથી ડિસેમ્બર દરમિયાન મધ્ય, દક્ષિણ દ્વિપકલ્પ અને ઉત્તરપૂર્વ ભારતના કેટલાક ભાગોમાં સામાન્ય કરતાં વધુ વરસાદની અપેક્ષા છે, એમ ભારતીય હવામાન ખાતાએ મંગળવારે જણાવ્યું હતું.

આઈએમડીએ એમ પણ કહ્યું હતું કે ઓક્ટોબરમાં દેશના મોટાભાગના ભાગોમાં, મધ્ય ભારત અને નજીકના દક્ષિણ દ્વિપકલ્પના અમુક વિસ્તારોને બાદ કરતાં સામાન્ય કરતાં વધુ મહત્તમ તાપમાન રહેવાની શક્યતા છે. વર્ચ્યુઅલ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન, આઈએમડીના મહાનિદેશક મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું હતું કે ચોમાસા પછીના સમયગાળા દરમિયાન (ઉત્તર-પૂર્વ ચોમાસું) ઓક્ટોબરથી ડિસેમ્બર સુધી પાંચ હવામાનશાસ્ત્રીય પેટાવિભાગો - તમિલનાડુ, તટીય આંધ્રપ્રદેશ, રાયલસીમા, કેરળ અને દક્ષિણ આંતરિક કર્ણાટકને આવરી લેતા દક્ષિણ દ્વિપકલ્પમાં સામાન્ય કરતાં વધુ વરસાદની અપેક્ષા છે.

હવામાન ખાતાનો અંદાજ છે કે આ પ્રદેશમાં 334.13 મીમી વરસાદની લાંબા ગાળાની સરેરાશના 112 ટકાથી વધુ વરસાદ થઈ શકે છે.

મધ્ય ભારતના કેટલાક ભાગોમાં અને ઉત્તરપૂર્વ ભારતના કેટલાક વિસ્તારોમાં પણ સામાન્ય કરતાં વધુ વરસાદની શક્યતા છે.

જો કે, ઉત્તરપશ્ચિમ ભારતના મોટાભાગના ભાગો, ઉત્તરપૂર્વ ભારતના કેટલાક પ્રદેશો અને દેશના દક્ષિણના ભાગોમાં સામાન્યથી લઈને સામાન્યથી ઓછો વરસાદ થવાની અપેક્ષા છે, એમ તેમાં ઉમેર્યું હતું.

હવામાન વિભાગે ઓક્ટોબરમાં દેશમાં સામાન્ય કરતાં વધુ વરસાદની આગાહી કરી છે જે લાંબા ગાળાની સરેરાશ 75.4 મીમીના 115 ટકાથી વધુ છે. 'અવકાશી વિતરણ ઓક્ટોબર દરમિયાન દેશના ઘણા ભાગોમાં સામાન્ય કરતાં વધુ વરસાદનું સૂચન કરે છે.

જો કે, ઉત્તરપૂર્વ અને ઉત્તરપશ્ચિમ ભારતના કેટલાક વિસ્તારો તેમજ દક્ષિણ દ્વીપકલ્પના કેટલાક ભાગોમાં સામાન્યથી લઈને સામાન્ય કરતાં ઓછો વરસાદ થવાની સંભાવના છે' એમ હવામાન ખાતાએ કહ્યું હતું.

# બંગાળના જૂનિયર ડોક્ટરો ફરીથી સંપૂર્ણ હડતાળ પર ઉતર્યા

**જૂનિયર** ડોક્ટરોએ આજે મધ્ય કોલકાતામાં કૂચનું આહ્વાન કર્યું

**ડોક્ટરો** હોસ્પિટલોમાં સુરક્ષા વધારવા સહિતની અન્ય માગો પર રાજ્ય સરકારના વલણથી નિરાશ

કોલકાતા, તા. 1 (પીટીઆઈ): સર્વોચ્ચ અદાલતે અવલોકન કર્યું હતું કે ડોકટરોએ ઈન-પેશન્ટ અને આઉટ-પેશન્ટ ડિપાર્ટમેન્ટમાં ફરજો સહિત આવશ્યક કામ કરવા જોઈએ, તેના એક દિવસ બાદ પશ્ચિમ બંગાળમાં આંદોલનકારી જુનિયર ડોકટરોએ મંગળવારે 'સંપૂર્ણ કામ બંધ' આંદોલન ફરી શરૂ કર્યું હતું તેઓ હોસ્પિટલોમાં સુરક્ષા વધારવાની જરૂરિયાત સહિત વિવિધ મુદ્દાઓ પર રાજ્ય સરકાર ધ્યાન આપે એવી માગ કરી રહ્યા છે.

તબીબોએ લગભગ આખી રાત ગવર્નિંગ બોડીની બેઠક યોજી હતી ત્યારબાદ મંગળવારે સવારથી અનિશ્ચિત અને સંપૂર્ણ 'કાર્ય બંધ' કરવાના તેમના નિર્ણયની ઘોષણા કરી હતી.

42 દિવસના વિરોધ પ્રદર્શન બાદ 21 સપ્ટેમ્બરના રોજ ડોકટરો સરકારી હોસ્પિટલોમાં આંશિક રીતે તેમની ફરજો પર પાછા ફર્યા હતા. તેઓ 9 ઓગસ્ટના રોજ આર જી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં ફરજ પરની મહિલા ડોક્ટર પર બળાત્કાર અને હત્યાના વિરોધમાં સંપૂર્ણ 'કામ બંધ' આંદોલન પર હતા. 'અમને સલામતી અને સુરક્ષા માટેની અમારી માગણીઓ પૂરી કરવા માટે રાજ્ય સરકાર તરફથી કોઈ હકારાત્મક અભિગમ દેખાતો નથી. વિરોધનો આજે 52મો દિવસ છે અને હજુ પણ અમારી ઉપર હુમલા થઈ રહ્યા છે. મુખ્યમંત્રી મમતા બેનર્જી સાથેની બેઠકો દરમિયાન આપેલા અન્ય વચનો પાળવાનો કોઈ પ્રયાસ નથી. આ પરિસ્થિતિમાં, અમારી પાસે આજથી સંપૂર્ણ 'કાર્ય બંધ' કરવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી', એમ આંદોલનકારી જુનિયર ડોકટરોમાંના એક અનિકેત મહતોએ પીટીઆઈને કહ્યું. જુનિયર ડોક્ટરો દ્વારા જારી કરાયેલા નિવેદનમાં બુધવારે મધ્ય કોલકાતામાં કોલેજ સ્ક્વેરથી એસ્પ્લેનેડ સુધી કૂચનું આહ્વાન કર્યું હતું અને સામાન્ય લોકોને પણ તેમની સાથે જોડાવા આમંત્રણ આપ્યું હતું. તેમણે આર જી કાર હોસ્પિટલની ડોક્ટરના બળાત્કાર-હત્યાની સીબીઆઈ તપાસમાં થઈ રહેલા વિલંબ પર પણ નિરાશા વ્યક્ત કરી.

# જાપાનની સંસદે શિગેરુ ઈશિબાને નવા વડા પ્રધાન તરીકે ચૂંટ્યા

**ઈશિબા** 27 ઓક્ટોબરે સંસદીય ચૂંટણી કરાવશે

ટોક્યો, તા. 1 (એપી): જાપાનની સંસદે મંગળવારે ઔપચારિક રીતે શાસક લિબરલ ડેમોક્રેટિક પાર્ટીના અધ્યક્ષ શિગેરુ ઈશિબાને દેશના નવા વડા પ્રધાન તરીકે ચૂંટ્યા હતા.

ફ્યુમિનો કિશિદાને બદલવા માટે શુક્રવારે પક્ષના નેતા તરીકે ઈશિબાની પસંદગી કરવામાં આવી હતી, કિશિદાએ તેમનો માર્ગ મોકળો કરવા માટે મંગળવારની સવારે પદ છોડ્યું હતું.

ઈશિબા મંગળવારની સાંજ સુધી તેમની નવી કેબિનેટની જાહેરાત કરવાના હતા.

કિશિદાએ 2021માં વડા પ્રધાનનું પદ સંભાળ્યું હતું પરંતુ તેમની સરકાર કૌભાંડોથી ઘેરાયેલી હતી તે પછી તેમની પાર્ટીને નવો નેતા મળી શકે તે માટે તેમણે પદ છોડી દીધું હતું. ઈશિબાની યોજના 27 ઓક્ટોબરે સંસદીય ચૂંટણી કરાવવાની છે.

'હું માનું છું કે નવી સરકાર શક્ય તેટલી વહેલી તકે જનાદેશ મેળવે તે મહત્વપૂર્ણ છે', એમ ઈશિબાએ ટૂંક સમયમાં ચૂંટણી કરાવવાની જાહેરાત કરતા સોમવારે જણાવ્યું હતું.

વિરોધ પક્ષોએ રાષ્ટ્રીય ચૂંટણી પહેલા સંસદમાં તેમની નીતિઓની તપાસ અને ચર્ચા કરવા માટે માત્ર થોડો સમય આપવા બદલ ઈશિબાની ટીકા કરી હતી.